# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યના નુકસાનગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રીની સૂચના
2. મધ્ય ગુજરાતમાં એક બાળકનું મોત ચાંદીપુરા વાયરસથી થયું હોવાની રાજ્યના આરોગ્ય વિભાગની પુષ્ટિ
3. નોટિફાઇડ વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર
4. ગાંધીનગર મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગો સામેની ઝુંબેશમાં ડ્રોનનો ઉપયોગ કરશે
5. રાજ્યના 115 તાલુકામાં વરસાદ- આવતીકાલે નવસારી, સહિત ચાર જિલ્લામાં ભારે વરસાદની આગાહી

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM REVIEW MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં માર્ગ-પુલ-ધોરીમાર્ગોની સ્થિતિની સમીક્ષા કરી. આ બેઠકમાં શ્રી પટેલે વરસાદ વિનાનો કે ઓછો વરસાદ હોય તેવો દિવસે પણ કામગીરી ચાલુ રહે તે માટે તાકીદ કરી હતી. સાંભળીએ અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ.

(વોઇસ કાસ્ટ: દુર્ગેશ મહેતા)

બેઠક દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ ધોરીમાર્ગની સ્થિતિ અંગે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ-NHAIના અધિકારીઓએ કહ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગને જે 83 કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી 58 કિલોમીટરમાં સમારકામ પૂર્ણ થયું છે અને બાકીના 25 કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

. . . . . . . . . . .

# Passport Kendra ----Ahmedabad

રાજ્યનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર અમદાવાદના બાપુનગરમાં આજથી શરૂ થયું છે. જેનાથી પાસપોર્ટ સંબંધિત કામકાજ વધુ સરળ બનશે. આજે પહેલા જ દિવસે 600 થી વધુ લોકોને પાસપોર્ટ માટે એપોઈન્ટમેન્ટ આપવામાં આવી હતી.

આ કેન્દ્ર પર  અરજદારોના વેરિફિકેશન અને અરજી સબમિટ કરવાની કામગીરી માટે 36 જેટલા કાઉન્ટર બનાવવામાં આવ્યા છે, જેને ત્રણ અલગ-અલગ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

નાગરિકોને સુવિધા આપવા માટે પાસપોર્ટ કેન્દ્રમાં તમામ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અગાઉ મીઠાખળી વિસ્તારમાં આવેલું પાસપોર્ટ સેવા કેન્દ્ર નાગરિકોને પડતી અગવડતાઓ, ખાસ કરીને પાર્કિંગ અને અન્ય મુશ્કેલીઓને કારણે પૂર્વ વિસ્તારમાં ખસેડવામાં આવ્યું છે. આ નિર્ણયથી અરજદારોને વધુ સારી સુવિધાઓ મળી રહી છે.

. . . . . . . . . . .

## CHANDIPURA VIRUS

રાજ્યના આરોગ્ય વિભાગે મધ્ય ગુજરાતના પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આઠ બાળકોના મોતમાંથી ચાંદીપુરા વાયરસથી એકના મોતની પુષ્ટિ કરી છે. આ અગાઉ પુણેમાં સાત ગંભીર વાયરસ માટે નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના અધિક નિયામક ડૉ. નીલમ પટેલે જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં દેખરેખ અને તબીબી સહાયની કામગીરી ચાલી રહી છે.

(બાઇટ: ડૉ. નીલમ પટેલ, અધિક નિયામક)

. . . . . . . . . . .

# FOREST COVER

નોટિફાઇડ વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણમાં કુલ 241.29 ચોરસ કિલોમીટરના નોંધપાત્ર વધારા સાથે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

ભારતીય વન સર્વેક્ષણ-FSI -2023ના અહેવાલમાં જણાવ્યા અનુસાર વર્ષ 2021માં રાજ્યમાં કુલ વૃક્ષ આવરણ 2.80 ટકા હતું, જે વર્ષ 2023માં વધીને 3.38 ટકા થયું. જ્યારે વર્ષ  2021માં રાજ્યનું કુલ લીલું આવરણ 10.41 ટકા હતું જે વધીને વર્ષ 2023માં 11.03 ટકા થયું છે. રાજ્યમાં કુલ રેકોર્ડેડ વન વિસ્તાર 21 હજાર 870 વર્ગ કિલોમીટર એટલે કે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના 11.14 ટકા છે. જ્યારે વન આવરણ 15 હજાર 16 વર્ગ કિલોમીટર એટલે કે 7.65 ટકા અને વૃક્ષ આવરણ 6 હજાર 632 વર્ગ કિલોમીટર એટલે 3.38 ટકા છે. આમ રાજ્યનું કુલ હરિત આવરણ 21 હજાર 648 વર્ગ કિલોમીટર એટલે કે 11.03 ટકા છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

....................................

# GANDHINAGAR DRONE

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મચ્છરજન્ય રોગો સામે એક ઝુંબેશનો પ્રારંભ કરાયો. મેયર મીરાબેન પટેલે પોર ગામના તળાવથી ડ્રોન ઉડાડીને આ નવતર અભિગમની શરૂઆત કરાવી.

આ નવી પહેલ અંતર્ગત, ડ્રોનનો ઉપયોગ કરીને મહાનગરપાલિકા વિસ્તારમાં સર્વે કરવામાં આવશે અને સૌપ્રથમ AI/ML (આર્ટીફીશીયલ ઇન્ટેલિજન્સ/મશીન લર્નિંગ) આધારિત ડ્રોન દ્વારા મચ્છર ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢવામાં આવશે. ત્યારબાદ, આ સ્થળોને ગૂગલ મેપ પર અક્ષાંશ-રેખાંશ સાથે ફોટોગ્રાફ્સ દ્વારા લોકેટ કરાશે. ત્યારબાદ ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવ શક્ય નહીં હોય, તેવા વિસ્તારોમાં મોટા ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરાશે.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 115 તાલુકામાં આજે હળવો વરસાદ નોંધાયો છે. આણંદ જિલ્લાના બોરસદમાં સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે પંચમહાલ જિલ્લાના ગોધરામાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. કચ્છ જિલ્લામાં પણ આજે મેઘમહેર થતાં ભચાઉ, ગાંધીધામ અને માંડવીમાં પોણા બે ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને ભાવનગરના સિહોરમાં દોઢ ઇંચ

વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લાના અંજાર અને નખત્રાણામાં એક જેટલો વરસાદ પડ્યો છે. આ સાથે રાજ્યમાં સિઝનનો 46 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો, રાજ્યમાં 33 જળાશય હાઇએલર્ટ પર અને 19 જળાશય એલર્ટ પર છે.

દરમિયાન વલસાડ જિલ્લાના મધુબન ડેમના કુલ 10 દરવાજાઓ 1.80 મીટર ખોલવામાં આવ્યા હતા. જેમાંથી 58 હજાર 44 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જેથી વલસાડ તેમજ આસપાસના નીચાણ વાળા ગામોને એલર્ટ કરાયા.

આ સાથે રાજ્યમાં 685 લોકોનું રેસ્ક્યૂ કરાયું છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 136 માર્ગ બંધ કરાયા છે. બીજી તરફ તાપી જિલ્લાના સોનગઢ નગરપાલિકા વિસ્તારમાં આજે માર્ગનું સમારકામ હાથ ધરાયું. તેમજ લોકોની અવરજવર સરળ બને એ માટે વાહન વ્યવહાર પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો.

ભારે વરસાદને પગલે દ્વારકાની વાડીનાર જેટી પર સમુદ્રમાં ઊંટ તણાઈ જતાં અંદાજે 5 જેટલા ઊંટના મોત થયાના અહેવાલ છે. જ્યારે અન્ય ઊંટનું રેસ્ક્યુ હાથ ધરાયું છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યભરમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસે જણાવ્યું હતું કે આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી બે દિવસ હળવાથી મધ્યમ

વરસાદ પડી શકે છે. આવતીકાલે નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

## (બાઇટ: ડૉ. એ કે દાસ- નિયામક)

દરમિયાન 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. ત્યારે હવામાન વિભાગે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપી છે.

. . . . . . . . . . .

# Daman – VSSE exibition

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં ઈસરોના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC)ના વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન --VSSEના સહયોગથી એક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. VSSE ઉપગ્રહો માટે અવકાશ અને હવામાં ઉડતાસાધનો અને સંચાર ટ્રાન્સપોન્ડર અને ઓપ્ટિકલ/માઈક્રોવેવ સેન્સર જેવા પેલોડ્સ વિકસાવે છે અને રાષ્ટ્રીય વિકાસ અને સામાજિક લાભ માટે તેનો ઉપયોગ કરે છે. આ અંગે ઈસરોના અધિકારી સાવન લાઠીયાએ વધુ માહિતી આપી હતી.

## (બાઈટ - સાવન લાઠીયા, ઈસરો અધિકારી )

દમણ એન્જિનિયરિંગ કોલેજમાં ત્રણ દિવસ સુધી આ પ્રદર્શની રાખવામાં આવી છે.

. . . . . . . . . . .

# Bhanuben Babariya ---Rakhimelo

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતે આયોજિત રાખીમેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મહિલા આર્થિક સશકિતકરણને વેગ આપવા દર વર્ષની જેમ આ વર્ષે પણ આવનાર રક્ષાબંધનના પર્વ નિમિત્તે ગાંધીનગર ખાતે "રાખી મેળો"નું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ સહાય જુથો દ્વારા બહેનોને તાલીમ આપીને રોજગારલક્ષી પ્રવૃત્તિ સાથે સાંકળવાના ભાગરૂપે ગાંધીનગરના સેકટર-૭ના કોમ્યુનીટી હોલ ખાતે રક્ષાબંધનના તહેવારને નિમિત્તે આજથી ૯ જુલાઇ સુધી ત્રી-દિવસીય રાખીમેળાનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . .

# Aanad oil paam yojna

આણંદ જિલ્લામાં ઓઇલપામ યોજના  અંતર્ગત ઓઈલ પામ પાકનું વાવેતર કરવામા આવી રહ્યુ છે.

ઓઇલ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા આણંદ જિલ્લાના ખેડૂતો ઓઇલ પામની ખેતી તરફ વળ્યા છે. એક વખત ઓઇલ પામના રોપા વાવીને સતત 30 વર્ષ સુધી આવક મળતી રહે છે. આ અંગે નાયબ બાગાયત અધિકારી સ્મીતા પિલ્લઇએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ : સ્મીતા પિલ્લઇ ( નાયબ બાગાયત અધિકારી)

. . . . . . . . . . .

# BHUJ – AIRPORT MOCKDRIL

ભુજ હવાઇમથક  ખાતે વિમાન દુર્ઘટના કે વિમાન તૂટી પડવાની પરિસ્થિતિમાં પૂર્ણ કક્ષાની આપાતકાલીન કવાયતનું આજે આયોજન કરાયું હતું.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના દિશાનિર્દેશ મુજબ ભૂજ વિમાનમથક સત્તામંડળ તેમજ ભારતીય વાયુસેના દ્વારા સંયુક્તરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ભુજ હવાઇમથકથી 7 કિલોમીટર દૂર આપાતકાલીન પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું તેમજ ઇમરજન્સી રિસ્પોન્સની સમયમર્યાદા સુનિશ્ચિત કરાઇ હતી. મોકડ્રિલનાં નિર્ધારીત સમય મુજબ અગ્નિશમન દળ, મેડિકલ સહિતની ટીમોએ સમયસર દુર્ઘટના સ્થળે પહોંચી આપાતકાલીન કાર્યવાહી કરી હતી.

. . . . . . . . . . .